# સાબરકાંઠામાં કોરોનાના નવા ૯ કેસ. કુલ આંક ૯૧૪

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવનો આંક ૧૦૦૦ થવાને વાર નથી ત્યારે સોમવારે જિલ્લામાં વધુ ૯ કેસ નોંધાયા છે. જેની સાથે કુલ કેસનો આંકડો ૯૧૪ પર પહોંચી ગયો છે. રોજબરોજ નવા નોંધાઈ રહેલા કેસથી ભયભીત બનેલા લોકો સંક્રમણ થયેલા દર્દીના સંપર્કમાં આવ્યાની ખબર પડતાની સાથે જ જાતે હોમ કોરોન્ટાઈન થઈ જાય છે.

જિલ્લા આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ સોમવારે જે નવા ૯ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર શહેર અને તાલુકાના ચાર કેસ છે જે મુજબ હિંમતનગરના સગુન બંગ્લોઝમાં ૨૫ વર્ષીય પુરૂષ, રાજમંદિર સોસાયટીમાં ૩૫ વર્ષીય પુરૂષ, જગદીશ પાર્કમાં ૭૭ વર્ષીય પુરૂષ જ્યારે હિંમતનગર તાલુકાના નિકોડા ગામમાં રહેતા ૫૬ વર્ષીય મહિલા કોરોના પોઝીટીવ જાહેર થયા છે.

તલોદ તાલુકાના રણાસણ ગામમાં ૬૦ વર્ષીય પુરૂષ અને પુંસરી ગામમાં રહેતા ૫૦ વર્ષીય પુરૂષ કોરોનાની ઝપેટે આવી ગયા છે. તે ઉપરાંત ઈડર તાલુકાના મહીવાડા ગામમાં ૫૫ વર્ષીય મહિલા અને મોટા કોટડામાં રહેતા ૬૫ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉપરાંત ખેડબ્રહ્મામાં રાવલવાસમાં રહેતા ૩૮ વર્ષીય પુરૂષ પણ કોરોનામાં સપડાયો છે. જિલ્લામાં સોમવારે બધામળીને કોરોના પોઝીટીવનો કુલ આંક ૯૧૪ પર પહોંચી ગયો છે. તે પૈકી ૮૧૬ દર્દીઓ સાજા થયા છે અને હાલ ૮૯ દર્દીઓ વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કોરોના પોઝીટીવના સૌથી વધુ કેસ હિંમતનગર શહેર અને તાલુકામાં ૪૦૬ થવા જાય છે. પ્રાંતિજમાં ૧૦૭, ઈડર તાલુકામાં ૧૮૨, તલોદ તાલુકામાં ૮૭, વડાલી તાલુકામાં ૫૩, ખેડબ્રહ્મા તાલુકામાં ૪૬, પોશીનામાં ૯ અને વિજયનગર તાલુકામાં કોરોના પોઝીટીવનો કુલ આંક ૨૪ થયો છે.

## બનાસ ડેરીની ચૂંટણીમાં સહકારી અગ્રણીઓની ઉપસ્થિતિમાં

# વિજયના વિશ્વાસ સાથે ઉમેદવારીપત્ર ભરતા શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૨૮

બનાસ ડેરીની ચૂંટણીનું રણશિંગુ ફૂંકાયુ છે ત્યારે આજે ચૂંટણી અધિકારી પાલનપુરની કચેરીએ ચેરમેન શંકરભાઈ ચૌધરીએ પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કર્યું હતું તે વખતે ડીસા વિભાગના ધારાસભ્ય શશીકાંત પંડયા, કાંકરેજના ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેન મગનલાલ માળી સહિત જિલ્લા ભાજપના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત બનાસ ડેરીના નિયામક મંડળના ૧૨ ડિરેક્ટર્સની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

ઉમેદવારીપત્ર રજૂ કર્યા બાદ જોડનાપુરા ગામ પાસે આવેલા પાર્ટીપ્લોટમાં પાલનપુર તાલુકાના મતદારો અને આગેવાનોની એક વિશાળ જનસભાને સંબોધતા ચેરમેન શંકરભાઈએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષના પુરુષાર્થથી પશુપાલકોને ઉચ્ચત્તમ વળતર મળે તે માટે અમારું બોર્ડ સંપૂર્ણપણે નિષ્ઠાથી કામ કરી રહ્યું છે અનેક નવા વ્યવસાય થકી પશુપાલકોને વધારાની આવક પણ થાય તે માટે પ્રયાસો હાથ ધર્યા છે. તેમણે ઉમેર્યું માટેનું ટ્રાયલ બનાસ ડેરીએ શરૂ કરી દીધું છે અને તેના પરિણામ પણ મળી રહ્યા છે.



કે આવનારા સમયમાં જમીન વિહોણા લોકો પણ ઈચ્છે તો પશુપાલક થઈ શકશે તેના માટે પોતાના ઘર આગળ જ હાઈડ્રોપોનિક સિસ્ટમ લગાવીને તેમાં ઘાસ ચારો મેળવી શકશે, આ

તેમણે જણાવ્યું કે ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળની ભાજપા સરકારના વખતથી લઈને આજ સુધીની વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની સરકારે બનાસડેરીના વિકાસમાં અગત્યનું યોગદાન આપ્યું છે પરિણામે જિલ્લાના ખેડૂતો માટેની અનેકવિધ યોજનાઓ થકી પશુપાલકોને ફાયદો થયો છે તે બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે દૂધ અને દૂધના વ્યવસાયની સાથે બટાકા, મધ, ગોબર, ટીએચઆર, ઓઈલ જેવા અનેક ઉદ્યોગો શરૂ કરીને જિલ્લાના પશુપાલકોને વધુ નફો મળે તેવો પ્રયાસ કર્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં બનાસ ડેરીનું ટર્નઓવર ૪૫૦૦ કરોડથી વધીને ૧૨૦૦૦ કરોડે પહોંચ્યું છે પણ આવનારા પાંચ વર્ષમાં તે હજી વધીને ૨૫૦૦૦ કરોડે પહોંચશે તેવો મને વિશ્વાસ છે. સાથે સાથે જિલ્લાના પશુપાલકોની માલિકીની ઉચ્ચતમ સારવાર અને એર એમ્બ્યુલન્સ ધરાવતી હોસ્પિટલ ઉભી કરવાની પણ નેમ વ્યક્ત કરી હતી.

બનાસ ડેરીના વર્તમાન નિયામક મંડળના ૧૨ સભ્યોના સમર્થન સાથે ઉમેદવારી પત્ર રજૂ કરતા આજે અણદાભાઈ પટેલ, જોઈતાભાઈ પટેલ, પરથીભાઈ ચૌધરી, દિનેશભાઈ ભટોળ, ખેમજીભાઈ ચૌધરી, દિલીપસિંહ બારડ, રાધાભાઈ આહિર, મુળજીભાઈ પટેલ, એમ.એલ. ચૌધરી, ટી.વી. પટેલ, ફલજીભાઈ પટેલે ઉપસ્થિત રહી ચેરમેને શુભકામનાઓ પાઠવી હતી.



### થરાદ બનાસડેરીના ડિરેક્ટર પદે સાંસદ પરબત પટેલનું ફોર્મ ભરાયુ

એશિયાની વન નંબરની ગણાતી બનાસ ડેરીની ચૂંટણી લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે ત્યારે થરાદ બનાસડેરીના ડિરેક્ટર તરીકે બનાસકાંઠા જિલ્લાના સાંસદ પરબતભાઈ પટેલનું થરાદ મામલતદાર કચેરી ખાતે મોટી સંખ્યામાં ડેરીના ચેરમેનો સાથે સાંસદના પુત્ર શૈલેષભાઈ પટેલે ફોર્મ રજૂ કર્યું હતું. થરાદ મામલતદાર કચેરીએ થી ત્રણ ફોર્મ ડિકરેક્ટર તરીકે ભરવા માટે લઈ ગયા હતા પરંતુ આજે માત્ર એક ફોર્મ પરબતભાઈ પટેલનું ભરાયું હતુ બનાસકાંઠા જિલ્લા ના સાંસદ પરબતભાઈ પટેલ ના પુત્ર શૈલેષ પટેલે જણાવ્યું હતું હાલ તો ડિકરેક્ટર તરીકે ફોર્મ રજૂ કર્યુ છે પરિવર્તન પેનલ માટે કે બનાસડેરીના ચેરમેન ના સમર્થનમાં ભર્યુ છે તેવું ના કહી શકાય સામે કોઈ ફોર્મ રજૂ કરશે તો પેનલ બનવાના સંકેત આપ્યા.

## સાબરકાંઠામાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૨૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં કેટલાક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે આશયથી પુરક પરીક્ષા લેવાનો કાર્યક્રમ જાહેર કરાયો હતો. જે મુજબ સોમવાર તા. ૨૮ સપ્ટેમ્બરે હિંમતનગરના બે ઝોનમાં પરીક્ષા લેવાઈ હતી. જેમાં ભુગોળ અને અંગ્રેજી દ્વિતિય ભાષા ઉપરાંત ગુજરાતી દ્વિતિય ભાષાનું પેપર લેવાયુ હતુ.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસના જણાવાયા મુજબ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાનો સોમવારથી પ્રારંભ થયો હતો. જેમાં હિંમતનગર ઝોનમાં ભુગોળના પેપરમાં કુલ નોંધાયેલા ૨૨૪ પૈકી ૨૦૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જોકે ગમે તે કારણસર ૨૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

## પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી કોરોનાની સારવાર લઈ રહેલો આરોપી ફરાર

પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી કોરોનાની સારવાર લઈ રહેલો એક આરોપી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો છે. બનાવને પગલે જિલ્લા પોલીસવડા સહિત પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે

પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી એક ચોરીનો આરોપી ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે જેમાં ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી દિનેશ ચૌહાણની પાલનપુર પૂર્વ પોલીસે અટકાયત કરી હતી. અને આરોપીને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા તેને ૯ મી સપ્ટેમ્બરના રોજ સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે આજે દિનેશ ચૌહાણ પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો છે.જાપતામાં રહેલા પોલીસ કર્મીઓને બાથરૂમ જવાનું કહી આરોપી બાથરૂમની બારીમાંથી ફરાર થઈ ગયો હતો. ઘણી વાર સુધી આરોપી પરતના આવતા પોલીસ કર્મીએ તપાસ કરતા આરોપી ફરાર થઈ ગયો હોવાનું માલુમ પડ્યું હતું. બનાવને પગલે જિલ્લા પોલીસ વડા સહિત પોલીસ કાફલો બનાવ સ્થળે આવી પહોંચ્યો હતો અને ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

## જિલ્લા કાનુની સેવા સત્તામંડળ દ્વારા ઓનલાઈન કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લા કાનુની સેવા સત્તામંડળ હિંમતનગર દ્વારા રવિવારે સોશિયલ મિડિયાના માધ્યમથી ઈ-કોર્ટ સર્વિસ અને ડીઝીટલ અવરનેશ સંબંધે ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં કાનુની સેવા સત્તામંડળના અધ્યક્ષ અને ડીસ્ટ્રીક્ટ જજ એચ.ડી. સુથાર તથા જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીકના સહયોગથી કાર્યક્રમનો પાંચ હજારથી વધુ લોકોએ લાભ લીધો હતો.

# તલોદની ધમધમતી વેપારી નગરીમાં બસડેપોની સુવિધા અધ્ધરતાલે

તલોદ, તા. ૨૮

તલોદમાં ધમધમતા વ્યાપાર દેશભરમાં આગવું સ્થાન ધરાવે છે. પ્રસિદ્ધ વ્યાપારના કારણે નાના મોટા ધંધાઅર્થીઓ, ઉદ્યોગો, શિક્ષણ ક્ષેત્રો વિવિધ સરકારી કચેરીઓ અને નોકરિયાત વર્ગો માટે મુસાફરી અત્યંત જરૂરિયાતવાળી હોવાથી પ્રજાની અનેક રજુઆતોને ધ્યાને લઈ જે તે વખતે સરકારે કરોડોના ખર્ચથી એ ગ્રેડ ડેપોની સુવિધા પુરી પાડી હતી. આ બસસેવાથી ધમધમતા મુસાફરોથી આવકમાં બમણી સાબિત થઈ હતી પરંતુ તલોદ નગરજનો હરણફાળ પ્રગતિથી વિકાશને રૂંધવા નબળી નેતાગીરીના લીધે આ ડેપો હાથમાંથી છીનવી લેવામાં આવ્યો હતો.

આમ તલોદમાંથી એકાએક બસડેપો છીનવાઈ જતા સ્થાનિક સંસ્થાઓ હાઈકોર્ટ સુધી દરવાજા પણ ખટખટાવ્યા હતા. ડેપો ફરીથી કાર્યરત કરવા રાજ્ય અને કેન્દ્ર સરકાર સુધી પ્રજાજનોએ ઉગ્ર માંગ સાથે અનેક પ્રયાસો હાથ ધર્યા હતા. પરંતુ આ સેવા ક્યા અટકી છે જેનો કોઈજ ચોક્કસ કારણ ન મળતા પ્રજાજનોમાં અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓને આવન-જાવન માટે મોટી અગવડતા પણ ઉભી થઈ છે. જ્યારે વ્યાપારક્ષેત્રે અને નોકરીયાત વર્ગો ખાનગી વાહનોમાં મસમોટા ખર્ચાઓ મોટા સમયનો નુકશાન પણ કરી રહ્યા છે. ખેડૂતો, વ્યાપારીઓ, સ્થાનિક રહિશો પોતાના જાનના જોખમથી પરેશાની ભોગવતા રોષની લાગણી પણ વ્યક્ત થઈ રહી છે.




નજીવા સમયમાં બસસેવા છીનવાઈ જવાથી પ્રજામાં આર્થીક નુકશાન ભોગવતા હતા હવે તો ટ્રેઝરી, રેલવેસ્ટોપ જેવી સેવાથી પણ વંચિત બન્યો છે. આક્રોશમાં રહેલા પ્રજાજનો સમય આવે ત્યારે બદલવાની ભાવના પણ ઉભી થઈ છે. ઘણા સમયથી બસ માટે અથાગ પ્રયત્નો અને માંગણીઓ કરતા પ્રજાજનો માટે કઠીન મુસાફરી માથાનો દુઃખાવો સાબિત થયો છે. નોકરીયાતો બેરોજગાર બન્યા છે, વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત બન્યા છે. ત્યારે ધંધા રોજગાર અને ધમધમતા ઉદ્યોગો દેવામાં ડુબી જવા પામ્યા છે. જેથી તલોદમાંથી લોકો નાસભાગ પણ કરી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યુ છે. સરકાર દ્વારા ગંભીરતા દાખવી ફરીથી તમામ સેવા કાર્યરત કરવા લોકોની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# ભિલોડામાં બેંક ઓફ બરોડાના ચાર કર્મચારીઓ કોરોના પોઝેટીવ હોવાનું બહાર આવતા ગ્રાહકોમાં ફફડાટ

ભિલોડા, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં કોરોનાના કહેર સતત વધી રહ્યો છે, ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના મહામારીને કારણે પોઝિટિવ દર્દીઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે ત્યારે સરકારી વિભાગો અને બેંકો પણ કોરોના પોઝિટિવ દર્દીથી પ્રભાવિત થઈ રહી છે. ભિલોડા નગરમાં આવેલ બેંક ઓફ બરોડા (દેના બેંક)ના ૪ કર્મચારીઓના રેપીડ ટેસ્ટમાં કોરોના પોઝેટીવ આવતા તાત્કાલિક અસરથી બેંકનુ કામકાજ સ્થગીત કરવામાં આવ્યું હતું. છેલ્લા એક અઠવાડિયા દરમિયાન બેંકમાં કામકાજ માટે મુલાકાત કરનાર ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો છે બેંક કર્મચારીઓ સુપરસ્પેડર બની શકે છે.




અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે, ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગના લોકો માસ્ક બાંધતા નથી, ભિલોડાની બેંક ઓફ બરોડાની બ્રાન્ચના ચાર કર્મચારીઓમાં શંકાસ્પદ કોરોનાના લક્ષણ જણાતા કર્મચારીનો રેપિડ ટેસ્ટથી કોરોનાનો રિપોર્ટ કરવામાં આવતા કોરોના પોઝિટિવ આવતા બેંકના સત્તાવાળાઓએ તાત્કાલિક અસરથી બેંક બંધ કરી દીધી હતી અને સેનેટાઈઝની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બેંક કેટલા દિવસ બંધ રાખવાની છે તે અંગે બેંકના સત્તાવાળાઓએ ગ્રાહકોને જાણ કરી નથી બેંક બહાર નોટિસ બોર્ડ પર બેંક બંધ રહેશેની નોટિસ ચિપકાવી દીધી છે પરંતુ આજે બેંક બંધ કરવાને કારણે અનેક ગ્રાહકોને પાછા ફરવું પડ્યું હતું.

## ચોઇલા ગામે શણગાલ સ્ટેન્ડથી રેલ વાસણી સ્ટેન્ડ વચ્ચે

# ગ્રામ પંચાયત દ્વારા લગાવવામાં આવેલ સ્ટ્રીટ લાઈટ ગ્રામ પંચાયતની બેદરકારીથી બંધ

બાયડ

બાયડ તાલુકાના ચોઈલા ગ્રામ પંચાયત ના ખાડે ગયેલા વારો આવે છે.

ચોઈલા ગામમાં ગંદકી ની સમસ્યા પાણીની સમસ્યા રોડ પણ મહિલાઓ દ્વારા ગ્રામ પંચાયતમાં જઈ પાણીને લઈ માટલા ફોડી હોબાળો મચાવ્યો



વહીવટને લઈ ગામજનો તોબા પોકારી ઉઠયા છે ત્યારે ગ્રામજનોને પંચાયતના વહીવટ ને લઈ અનેક સમસ્યાઓ નો સામનો કરવાનો ઉપર લગાવેલ સ્ટ્રીટ લાઈટ ની સમસ્યા વગેરે સમસ્યાઓને લઈ લોકો પંચાયત ના વહીવટ સામે ગ્રામજનો રોષે ભરાયા છે અગાઉ હતો. સત્વરે રોડ ઉપર બંધ સ્ટ્રીટલાઈટો ઝડપથી ચાલુ કરવામાં આવે તેવી માગણી ગ્રામજનોએ ઉઠાવી હતી.

## રાજસ્થાન શિક્ષક ભરતી આંદોલન સમેટાયું

# શામળાજી-ઉદેપુર હાઈવે પર ધીરે ધીરે વાહનવ્યવહાર પૂર્વવત, ઢાબા અને રોડ પર ફસાયેલ ટ્રકચાલકોમાં ખુશી

શામળાજી, તા. ૨૮

રાજસ્થાનમાં શિક્ષકોની ભરતીનું આંદોલન ઉગ્ર બન્યું હતું, ડુંગરપુર નજીક હાઈવે પર આંદોલનકારીઓ રસ્તા પર ઉતરી આવી વાહનો સળગાવતા શામળાજી-ઉદેપુર ને, હા.નં-૮ પર રતનપુર ચેકપોસ્ટ પરથી રાજસ્થાનમાં પ્રવેશતા વાહનોને અરવલ્લી પોલીસે અટકાવી દીધા હતા જેની સીધી અસર ઉત્તર ગુજરાતથી રાજસ્થાન જતા હાઈવે પર પડી હતી. રાજસ્થાન જતા નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. ત્રણ દિવસથી શામળાજીથી ઉદયપુર જતા નેશનલ હાઈવેને બંધ કરાતા મોડાસાના ગાજણ ટોલ પ્લાઝા પાસે વાહનોને રોકવામાં આવતા લાંબી કતારો લાગી હતી. ઉદયપુર જવા વાયા પાલનપુરનું ડાયવર્ઝન અપાયું હતું પણ ટ્રક ચાલકોને ૧૦૦ કીમી થી વધારે ચક્કર ખાવું પડતું હોવાથી ઢાબા અને રોડ સાઈડ પડી રહેવા મજબુર બન્યા હતા ત્યારે ડુંગરપુર નજીક સામાજિક અગ્રણીઓ, નેતાઓ અને સ્થાનિક પ્રશાસનતંત્ર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને શિક્ષક ભરતી અંગે રાજસ્થાન સરકાર સુપ્રીમકોર્ટમાં જશેની હૈયાધારણા આપવામાં આવતા આંદોલનકારીઓએ શરતી સમાધાન સ્વીકારી આંદોલન સમેટી લેતા હાઈવે પુર્વરત થઈ રહ્યો છે.



રાજસ્થાનના ડુંગરપુર નજીક આંદોલન કરી રહેલા આંદોલન કારીઓએ ગુરુવારે રાત્રે હાઈવે પરથી પસાર થતા વાહનો પર પથ્થરમારો કરવાની સાથે હાઈવે પર ઉતરી આવી તોડફોડ કરતા શામળાજીથી ઉદયપુર હાઈવે બંધ રાખવાની ફરજ પડતા હજારો ટ્રક ચાલકો ત્રણ દિવસથી ફસાયા હતા અને ભારે હાલાકીનો સામનો વેઠવો પડ્યો હતો ત્યારે રવિવારે સાંજે ખેરવાડા પંચાયત સમિતિ કાર્યાલય ખાતે આંદોલનકારીઓ સાથે સ્થાનિક નેતા અને પ્રશાસનતંત્ર સાથે રાજસ્થાન સરકારના ઈશારે બેઠક યોજ્યા બાદ આંદોલન સમેટી લેતા ત્રણ દિવસથી બંધ રહેલો હાઈવે પર વાહનોની અવર-જવર શરૂ થઈ છે ટ્રક ચાલકોમાં આનંદ છવાયો હતો.





### તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિની કાર્યકારી બેઠક યોજાઈ

તલોદના આનંદપાર્કમાં સાબરકાંઠા જિલ્લા નિરીક્ષક અને પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોરની અધ્યક્ષતામાં પૂર્વ પાલિકા પ્રમુખ રંગુસિંહ સોલંકીના નેતૃત્વમાં આગામી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ચૂંટણી સંદર્ભે સંગઠનની મજબૂતી તેમજ પડી ભાંગેલી કોંગ્રેસને કેવી રીતે વિજયી બનાવવી તે માટે વ્યુહરચના ઘડવામાં આવી. આ ચૂંટણી માટે ડીઝીટલ સદસ્યતા અભિયાનને મહત્વનો મુદ્દો બનાવી ચૂંટણીલક્ષી સમજુતી કાર્યકરોને આપવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત અધ્યક્ષ અંબાલાલ પટેલ, જિલ્લા પ્રમુખ અમરસિંહ સોલંકી તથા એન.એસ.યુ. તાલુકા જિલ્લાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યકારી બેઠકનું સંચાલન રંગુસિંહ સોલંકીએ કર્યુ હતુ. હાજર મહાનુભાવો અને કાર્યકરોને સોલંકીએ આભાર માની કોંગ્રેસમાં સારા અને નિષ્ઠાવાન કાર્યકરોને બહુમના અને મહત્વ આપી આ ચૂંટણીને વિજયી બનાવવા મતદાતાઓનો સિધો મુલાકાત કરી પ્રજાનો વિશ્વાસ કેળવવા પણ જણાવ્યુ હતુ.